# રવિવારે પ્રકૃતિને માણવા ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે ભીડ ઉમટી પડી





ચોમાસાના વરસાદના પહેલાં રાઉન્ડ પછી પ્રકૃતિનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠે છે જેને નિહાળીને નયનને અનેરો સંતોષ પ્રાપ્ત થાય છે. ગાંધીનગરમાં પણ આ વર્ષે ચોમાસાનો પહેલો રાઉન્ડ પૂરો થયો છે અને વરસાદ થોડો પોરો ખાવા રોકાશે એવુ લાગી રહ્યું છે. આ સમયે પ્રકૃતિના અઢળક સૌંદર્યથી છલોછલ એવાં ચ-૦પાસેના ઈન્દ્રોડા નેચર પાર્ક ખાતે રવિવારની સાંજે અસંખ્ય સહેલાણીઓ ઉમટી પડ્યા હતા અને પ્રકૃતિ ઉદ્યાનના પ્રવેશદ્વારે વાહનોની કતારો સાથે ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી.



માણસા APMC ખાતે પ્રાથમિક કૃષિ વિષયક ધિરાણ મંડળીઓ માટે સેમિનારનું આયોજનઃ ભારત સરકાર ના સહકાર મંત્રાલય ની રચના બાદ સેવા મંડળીઓને મજબૂત કરવાના હેતુ થી ઘણા સકારાત્મક પગલા લીધેલ છે સદર બાબતે સેવા મંડળીઓને માહિતગાર કરવા જિલ્લા રજિસ્ટ્રાર કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત સેમિનાર માં કલોલ તથા માણસા તાલુકાના ૭૦ થી વધુ સેક્રેટરી હાજર રહેલ, તમામ સેવા મંડળીઓને આદર્શ પેટા કાયદા અપનાવવા બાબત

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિમેન્સ સાયન્સ ક્લબનો આજથી પ્રારંભ




ગાંધીનગર, તા. ૦૬ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ ગુજરાત સરકાર અને નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગર ના ઉપક્રમે મહિલાઓ માટે વિમેન્સ સાયન્સ ક્લબ ની શરૂઆત કરવામાં આવી છે આજરોજ આ ક્લબનું વિધિવત ઉદ્‌ઘાટન ગાંધીનગરના સન્માનનીય મહિલા ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ ક્યું આ પ્રસંગે ગાંધીનગરની જાણીતી મહિલા સંસ્થાઓની અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહેશે. જેમાંકાઉન્સિલર શ્રી હેમા ભટ્ટ, લાયન્સ ક્લબ ફેમિનાના મમતા રાવલ, આત્મન ફાઉન્ડેશનના પ્રજ્ઞા પટેલ, મહિલા જ્યોતિ મંડળના ચેતના બૂચ, જાયન્ટ ક્લબના ગાયત્રી પટેલ, વગેરે મહિલાઓ ઉપસ્થિત રહ્યા અને બહેનોને માર્ગદર્શન પુરૂ પાડ્યું નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર શ્રી અનિલભાઈ પટેલે જણાવ્યું છે કે આ ક્લબ નો ઉદ્દેશ મહિલાઓને વિજ્ઞાનની ગતિવિધિઓ થી જોડવાના છે. આ ક્લબ દ્વારા મહિનામાં એકવાર વિજ્ઞાનલક્ષી કાર્યક્રમ નું આયોજન થશે જેમાં વિજ્ઞાન ક્ષેત્રે પોતાના સંતાનોને કઈ રીતે કારકિર્દી બનાવી તેનું માર્ગદર્શન આપવામાં આવશે. તે સાથે ઘરમાં ઉર્જા બચત કઈ રીતે કરી શકાય? તે અંગે માર્ગદર્શન આપવું. આરોગ્ય, સ્વચ્છતા, કિચન ગાર્ડન, પર્યાવરણની જાળવણી, સુર્યકુકરમાં વિવિધ વાનગીઓ બનાવવી, જુદીજુદી સાયન્સ સિટી, ઈસરો જેવી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત જેવા કાર્યક્રમો ગોઠવવા વગેરે. આ ક્લબ દ્વારા બહેનોને વૈજ્ઞાનિક રીતે સક્ષમ બનાવવાનો નમ્ર પ્રયાસ થશે. પ્રથમ તબક્કામાં આ ક્લબમાં જોડાવા માટે ૧૦૦ બહેનોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે તેમને જ આ કાર્યક્રમમાં નિમંત્રણ આપવામાં આવેલ છે. આ ક્લબના સંયોજક તરીકે મીતા ભટ્ટ અને સહસંયોજક તરીકે દીપિકા વાઘેલા સેવાઓ આપશે.





મોટા ચિલોડા ખાતે આવેલ રવિ કોમ્પલેક્સમાં આવેલ સહજાનંદ પ્રિ. સ્કૂલના બાળકો જુનિયર કે.જી. અને સિનિયર કે.જી. બાળકોને ગાંધીનગર ફાયર સેફટી અને અદ્યતન ટેકનોલોજીના સાધનો બતાવ્યા હતા. ગાંધીનગર લઈ જઈને અને તેના વિશે માહિતી આપી સહજાનંદ પ્રી. સ્કૂલના સંચાલક શેલારકા અર્ચનાબેન હિતેશભાઈ અને તેમના સ્ટાફે ખુબ જ સુંદર રીતે નાના બાળકોને અલગ અલગ એક્ટિવિટી બતાવીને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# મોટી આદરજ ખાતે વાવોલ બ્રહ્મસમાજનું બ્રહ્મભોજન સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો







ગાંધીનગર, તા. ૦૬ વાવોલના શ્રી સમસ્ત ન્યૂ ગાંધીનગર બ્રહ્મસમાજ વાવોલ દ્વારા આજ રવિવારના રોજ ૧૧ કલાકે મોટી આદરજના કૈલાશ આશ્રમ સોમેશ્વર મહાદેવના કમ્પાઉન્ડમાં બ્રહ્મભોજ અને વૃક્ષારોપણ યોજાવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને ન્યુ ગાંધીનગર બ્રહ્મસમાજના પ્રમુખ વિપુલ ઠાકર વગેરેએ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે ઉપપ્રમુખ સુનિલભાઈ રાવલ, મહામંત્રી અશ્વિનભાઈ રાવલ, વાવોલના પ્રમુખશ્રી પ્રકાશભાઈ ઠાકર, ઉપપ્રમુખ મનીષભાઈ રીછારિયા વગેરે હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ બ્રહ્મસમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભૂદેવો સાથે બ્રહ્મભોજન કર્યુ હતું. આ ઉપરાંત આદરજ ગામના સરપંચ તથા સભ્યો રામાજી ઠાકોર વગેરે ભક્તગણ આ કાર્યક્રમની સેવામાં જોડાયા હતા.




સોશીયલ મિડીયાનો રચનાત્મક ઉપયોગ કરતાં વોટ્સેપ ગૃપ "ગમે, તે ગઝલ"ની સ્થાપના ૪ ઓગષ્ટ ૨૦૧૪ ના રોજ થઈ હતી. જેમાં રાજ્યભરના તથા રાજ્ય બહારના ગુજરાતી સાહિત્યના સર્જકો અને ભાવકો શિસ્તબદ્ધ રીતે સાહિત્યિક રચનાઓ માણતા આવ્યાં છે.આ ગૃપના દશાબ્દી વર્ષમાં પ્રવેશ પ્રસંગે રવિવાર તારીખ ૬ ઓગષ્ટ,૨૦૨૪ના રોજ "પ્રકૃતિ સાથે સંવાદ" વિષય સાથે સપરિવાર સ્નેહમિલન યોજાયું હતું જેમાં અમદાવાદ-ગાંધીનગરના સ્થાનિક સભ્યો ઉપરાંત મુંબઈ,વાપી,સુરત, વડોદરા,રાજકોટ,ભાવનગર,પાલનપુર વગેરે સ્થળોએથી કુલ ૫૫ સભ્યોએ ઉમંગભેર ભાગ લઈ ગઝલ તથા કવિતાઓની મજા માણી હતી.

# સચિવાલયના ચાર ઉપ સચિવોની બદલી

ગાંધીનગર, તા. ૦૬ સામાન્ય વહિવટી વિભાગની તા.૨-૮-૨૩ની અધિસુચનાથી સચિવાલયના ચાર ઉપસચિવોની બદલી કરવા આવી છે.

શ્રીમતી શીતલ પટેલને મહેસૂલ વિભાગમાંથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ફેરવામાં આવ્યા છે.

નીલેશ મોદીને મહેસૂલ વિભાગમાંથી ઉદ્યોગ અને ખાણ વિભાગમાં ખસેડવામાં આવ્યા છે.

સુશ્રી હિનાબા જાડેજાને ઉદ્યોગ અને ખાણ વિભાગમાંથી મહેસૂલ વિભાગમાં મુકવામાં આવ્યા છે.

સુશ્રી પૂજા ઉપાધ્યાયને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગમાંથી મહેસૂલ વિભાગમાં બદલી કરાઈ છે.

# સાબરમતી કોલિંગ અંતર્ગત સીડબોલ અને બીજ રોપણ કરાયું



ગાંધીનગર, તા. ૦૬ શહેરના સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવના મંદિર નજીક આજે સવારે સદગમય મિત્રો દ્વારા આયોજિત "સાબરમતી કોલિંગ અભિયાન" અંતર્ગત સાબરમતી નદીના પટમાં સીડ બોલ તેમજ બીજના માધ્યમથી વૃક્ષારોપણનો પ્રયાસ કરવામાં આવ્યો જેમાં સદગમય પરિવાર સહ ૨૫ મિત્રોએ જોડાઈને ગાંધીનગરને પુનઃ હરિયાળુ બનાવવાના પ્રયાસમાં યોગદાન આપ્યું હતું. સદગમય દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે કુલ ૭૫ માનવ કલાકો આપી દેશના હરિત કવરને વધારવા આવનારા અઠવાડિયે સમયદાન કરવામાં આવનાર છે જેમાં સુજ્ઞ નગરજાનોને જોડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે જે અંગે વધુ માહિતી માટે સદગમયના જીજ્ઞેશભાઈનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# આર.આર.યુ.એ વિપશ્યના મેડિટેશનના માધ્યમ દ્વારા સુધારણા સેવાઓ પર ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૬ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ)ની સ્કૂલ ઓફ ક્રિમિનોલોજી એન્ડ બિહેવિયરલ સાયન્સિસ (એસસીબીએસ)એ, ૪ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ, "વિપશ્યના મેડિટેશનના માધ્યમ દ્વારા સુધારણા સેવાઓ" વિષય પર એક કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ સમારંભના મુખ્ય અતિથિ તરીકે નિવૃત્ત આઈપીએસ અને પુડુચેરીના ભૂતપૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર ડૉ. કિરણ બેદી ઉપસ્થિત રહ્યા હતા, જેમનું રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર સુશીલ ગોસ્વામી અને આરઆરયુના એસસીબીએસના ડાયરેક્ટર ડો.મહેશ એ.ત્રિપાઠીએ સ્વાગત કર્યુ હતું. આ કાર્યક્રમમાં આર.આર.યુ.ના પ્રો.વીસી પ્રો.(ડો.) કલ્પેશ એચ.વાન્દ્રા અને એસ. સી. બી.એસ., આર. આર.




યુ.ના ચીફ મેન્ટર ડો.એસ. એલ. વાયાએ સહ-અધ્યક્ષતા કરી હતી. ડો. બેદીએ કેદીઓના લાભ માટે વિપશ્યના પ્રથા પર ઉપસ્થિત લોકોને સંબોધન કર્યુ હતું. તેમણે તિહારની આઈજી જેલ ખાતેના તેમના કાર્યકાળ દરમિયાનના તેમના અનુભવો અને વિપશ્યનાએ કેદીઓના પુનર્વસનમાં કેવી રીતે મોટી મદદ કરી હતી તે શેર કર્યુ હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિપશ્યના એ વ્યક્તિની કાયાપલટ કરવા માટેનું સૌથી અસરકારક સાધન છે અને તે માત્ર કેદીઓને જ નહીં, પરંતુ પોલીસ અધિકારીઓ અને અન્ય કાયદા અમલીકરણ કર્મચારીઓને પણ પ્રદાન કરવું જોઈએ. ડો. બેદીએ વધુમાં સૂચવ્યું હતું કે આર.આર.યુ.એ વિપશ્યના મેડિટેશન માટે એક કેન્દ્રની સ્થાપના કરવી, અને વિપશ્યનાને વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો માટેના અભ્યાસક્રમના ભાગ રૂપે રજૂ કરવામાં આવે. તેમણે કહ્યું કે વિપશ્યનાનો સતત અભ્યાસ કરવો એ કોઈની એકાગ્રતા વધારવાનો શ્રેષ્ઠ માર્ગ છે અને તે તાણ અને અસ્વસ્થતા ઘટાડવામાં મદદ કરી શકે છે.

# પાટનગરવાસીઓનું મિશન ગ્રીન ગાંધીનગર..!



પાટનગરને ફરી હરિયાળું શહેર બનાવવા માટે વહીવટીતંત્ર ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓ અને પ્રકૃતિપ્રેમી નાગરિકો દ્વારા વૃક્ષારોપણની પ્રવૃતિને વેગ આપવામાં આવી રહ્યો છે. આ મિશન ગ્રીન ગાંધીનગર અંતર્ગત શહેરમાં સદ્‌ભાવના ટ્રસ્ટ દ્વારા સે. ૧૭માં વૃક્ષારોપણ કરી રોપાઓની સુરક્ષા માટે ફરતે ગ્રીન નેટ સાથેના ટ્રી ગાર્ડ લગાડવામાં આવ્યાં છે.